સાલ : ૧૧ / સિલસિલાવાર નંબર : ૧૧૮ / શુમારો : ૪ કુલ પાના - ૧૬

MISHKAAT UL HAADI

مشكوة الهادي

નાશિર : મરકઝે તરબીયતે મુમેનીન, અલ-ઝિઝારતુલ અલવીયાહ, વડોદરા. રજબુલ અસબ-શાબાનુલ કરીમ ૧૪૩૫ / મે-જૂન ૨૦૧૪

માઅરૂફ અને મુન્કર

❋ દીનનો મકસદ :

ઈન્સાનની ફિતરતી ખસ્લત અને પૈદાઈશી આદત ભલાઈ અને સચ્ચાઈને પસંદ કરે છે અને બુરાઈને નાપસંદ કરે છે, લેહાઝા, એ ખુદને તેનાથી રોકે છે. એની પરવરિશ અગર એવા માહૌલમાં થઈ હોય કે જ્યાં કોઈ તાઅલીમો તરબીયત મુમ્કિન જ ન હોય તો પણ એ પોતાની પૈદાઈશી અક્લથી ફાયદાને પસંદ કરશે અને નુકસાનથી બચશે. કુરઆને હકીમના ફરમાનથી અને શરીઅતે મોહંમદીયહની તાઅલીમાતથી "અમ્ર બિલ માઅરૂફ" અને "નહ્ય અનિલ મુન્કર" યાઅની કે, હર હાલમાં નેકીનો હુકમ કરવો અને બુરાઈથી મનાઈ કરવી મુમિન પર વાજિબ અને લાઝિમ છે. આનો સબક નબીયુલ્લાહ (સ.અ.વ.વ.) એ આપની ૨૩ સાલની રિસાલતમાં આપની ઉમ્મતના લોગોને હરએક કદમ પર અને મજલિસો મહેફિલમાં આપો. જેમ અલ્લાહતઆલાનું ફરમાન છે કે, **"અય રસૂલ, તમેં હિકમત અને ખુશગવાર નસીહતથી લોગોને તમારા રબ્બના રસ્તા તરફ દાઅવત કરો."** નબી સાહબની દૌરે રિસાલતની ઈબ્તેદામાં મઝહબે ઈસ્લામ તરફ લોગોને દાઅવત દેવાનો તૌર તરીકો ખુશ લબો લહેજા અને નરમ કલામીનો હતો. સખ્તી કરવાનો કે ગમો ગુસ્સો કરવાનો ન હતો. કેમકે, જાહિલો બેઅદબ અરબોને દીને ખુદા તરફ માઈલ કરવાના હતા, ઈલાહી કાનૂનનાં સાંચામાં ઢાલવાના હતા અને ખસ્તા-ખરાબ માહૌલની ગંદગી માંથી નિકાલીને પાકો સાફ મઆશેરો તાઅમીર કરવાનો હતો. આ કામ ઘણું ખતરનાક, તકલીફદેહ અને મુશ્કિલ હતું. સબર, બરદાશતગી અને આહિસ્તગીએ કદમનું કામ હતું.

નબી સાહબે એવી શાન, હિમ્મત અને જલાલતથી આ કામને સંભાલું કે, દીને ઈસ્લામની હક્કાનીયત અને ઈન્સાની અકદાર - **human values** ને એક નવી પહેચાન, મઝબૂતી અને બલંદી હાસિલ થઈ ગઈ. ઈસ્લામનું પરચમ આ ઝમીનના હર ગોશામાં લહેરાતું ગયું, તો અમ્ર બિલ માઅરૂફ અને નહ્ય અનિલ મુન્કરના શકંજાને લોગોના હર વહેવાર વાસ્તે કસવામાં આવો, જેથી દીને ઈસ્લામની તાઅલીમાત અને મકસદ કુલ્લી તૌર પર જારી થઈ શકે. આ કારે ખૈરને ઈન્તેકાલે રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) બાદ અહલુલ બૈત (અ.સ.) તરફથી અંજામ આપવામાં આવું. **રૂહાની સરદારી સાથે હિદાયતને મિલાવીને દીનના ફરૌગને વાસ્તે આ ખિદમતે ઈસ્લામીયહ એ ખાસ કિરદાર અદા કીધો.** આપની ઝુર્રીયતે તાહેરહના અઈમ્મતે ફાતેમીયીન (અ.સ.) એ ઉમ્મતના હોદાત અને રાહબરે હક્ક બનીને જાહિલ, કીનાવર અને દુશ્મનાને હક્કની સખ્તમાં સખ્ત મુખાલેફત અને અદાવતને બરદાશ્ત કરીને પણ ખુશીથી મુમેનીન મુખ્લેસીનમાં, જે ખૂબ કમ હતા માઅરૂફ-મુન્કર દરમિયાન એક લાઈન ખેંચીને શરીઅતને પાએદાર કરતા રહ્યા. હર ઝમાનામાં આ અમલ જારી રહ્યો, કેમકે, ઈમાનની બુનિયાદ જ હુકમે અમલે સાલેહ છે અને ઈન્કારે અમલે શર છે. આ કામ ફક્ત ઈમામો, દોઆત કે મૌલાઈઓનું જ ન હતું.

❋ મુમિનનું ફરઝ :

જે મુજબ એક દાઈ પર મુમેનીન વાસ્તે હિદાયત દેવી ફરઝ છે તે જ મુજબ હર મુમિન પર ઈમાનના દાએરામાં રહીને શરીઅતના આઅમાલને મઝબૂત બનાવવું ફરઝ છે. મુમેનીનની જમાઅતના હર ફર્દના સર પર આ ફરીઝો લાઝિમ કરવામાં આવો છે. તેના ભાઈ, પડોશી, દોસ્ત યા રિશ્તેદાર જે મુમિન હોય તેને ખાસ તૌર પર પોતાની ઈલ્મી તાકત, જેહાદ અને પહોંચ

(બકીયાહ પેજ નં. ૨ પર)

દૌલતમંદનું બીજાને પાસે માંગવું આગ મુજબ છે.

(પેજ નં. ૧ નું બાકી)

મુજબ નીચી ઝબાન, શીરીં બયાની અને ખુશ વહેવારથી સહી રસ્તો બતાવે અને ગલત રસ્તાથી તેને આગાહ કરે. ઈમાનની આઠ હકીકતોમાં એક હકીકત એ પણ છે કે, જો કોઈ મુમિન એમ જાણતો હોય કે સાચું શું છે તો તે ચુપ ન રહે પણ મૌકો મિલતા જ તે બિલા ખૌફ બીજાને તેનું ઈલ્મ આપે અને જે ખોટું છે તેનાથી બીજાને ચેતવે. ઈમાનદારનું કામ જ એ છે કે, હક્કને ગલે લગાવે અને બાતિલને પોતાની ઝિંદગીની હર તસ્વીર માંથી કાઢીને ફેંકી દે. બાતિલનો દાગ કાઢવાથી જ તસ્વીરે ઝિંદગી હક્કથી નૂરાની બની શકશે. આ બે ચીઝોની પાબંદી બગૈર ઈમાન નાકિસ છે, અધૂરૂં છે.

મુમિન, મુમિનનો આઈનો હોય છે. જેમ આઈનામાં જોનારાની શિકલો સૂરત તેની અસલી હૂબહૂ શિકલ જેવી જ દેખાય છે, તેમ એક મુમિન બીજા મુમિનના ઈમાનમાં, વલાયતમાં, આઅમાલે ઈબાદતમાં અને તકવામાં જુદા નથી, પણ જોડાયેલો છે. જે ફાયદામંદ ચીઝને અપનાવવાનું અને નુકસાનકારક ચીઝને મુકી દેવાનું તે પોતાના વાસ્તે ચાહતો હોય તે જ તેના મુમિન ભાઈ વાસ્તે ચાહવી જોઈએ. મુમેનીનને દરમિયાન આઈના જેવી સાફ સૂરત નમૂદાર કેમ થાય કે, **તમામને પોતાની જિમ્માની બહેબૂદી, વેપારની તરક્કી, સમાજી પાકીઝગીને સાથે નફસાની ખૈરખ્વાહી કરવી જોઈએ.** આ અમલ એવો ખૈર અમલ છે પણ સખ્ત છે, તેને કરી ગુઝરવામાં કોઈનાથી ખૌફઝદહ ન થાવું જોઈએ. મુમિનભાઈની ઈમ્દાદ વાસ્તે જે કંઈ બોલવું હોય કે કરવું હોય તે જલ્દીથી, પુખ્તા નિય્યતથી અને બહેતર નતીજાની ઉમ્મીદ સાથે ખુલ્લમ ખુલ્લા બોલવું જોઈએ અને કરવું જોઈએ.

✵ મુનાફિક અને જૂઠનો રિશ્તો :


મુનાફેકીનના મકરથી હમેશા બચવું જોઈએ અને તેના નુકસાનથી બીજા ભાઈને બચાવવા જોઈએ. ઈમાનો અકીદાના મુનાફેકીન અને મુન્કેરીન ગલત તસવ્વુરાતને, જૂઠી વાતોને અને મુન્કર કલામોંને જમાઅતમાં ફેલાવે છે અને સાદા-ફહેમ લોગોને ઈલ્ઝામાત, બોહતાન અને ગીબતના ચક્કરમાં ફસાવીને બહેકાવે છે. મુમેનીનને આ મુન્કેરાતથી દૂર રહીને આ ફિરઔન-સિફ્ત મુનાફિકોંની સાઝિશ, મકરબાઝી અને ફરેબને ખુલ્લા પાડીને તેઓના નાપાક ઈરાદાઓને પસ્ત કરવા જોઈએ. મુન્કિર અને બદ-ખ્યાલ લોગોની બદીઓ-બુરાઈઓને ઓલખીને તે જમાઅતમાં ન ફેલાય તેની તદબીર કરવી જોઈએ. આ તદબીરનો નાનામાં નાનો અમલ તે છે કે, જો હાથ-પગથી કોઈ કઈ ન કરી શક્તું હોય તો ફક્ત ઝબાનથી તો તેની મઝમ્મત અને તૌબીખ કરવી જ જોઈએ, જેથી બદી કરનારની ફઝીહતી થાય. આ અમલથી ખોટી વાતોં અને બેબુનિયાદ ચર્ચાઓ પર રોક લાવી શકાય. કોઈના ડરના સબબ જો કોઈ ઝબાનથી પણ મુન્કર વાતોંને રોકી શક્તો ન હોય તો કમમાં કમ તે બુરાઈને બુરી સમઝીને તેની ઝાતને તો તેનાથી રોકી જ શકે છે.

આમ કરવું પણ કઈ નાની વાત નથી, અલ્લાહતઆલા તેને અઝીમ સવાબ અતા કરશે અને તેના દરજાતમાં બલંદી આપશે. તમામથી અઝીમ અને મકબૂલ નેકી યા અમલે માઅરૂફ ફાતેમી અઈમ્મતે હક્ક (અ.સ.) અને દોઆતે કિરામ (રિ.અ.) ની વલાયતો ઈતાઅત છે. **તમામથી મોટી મુસીબત, ખરાબી અને મુન્કર વાત દીનના આ અઝીમુશ્શાન સાહબોની દુશ્મની અને નાફરમાની છે.** મુમેનીન જો આ વાતને દિલમાં ઉતારી લે તો પોતાના ભાઈ વાસ્તે જઝબએ ખિદમત કોઈ વક્ત કમ ન થાય. જૂઠા લોગો ના જૂઠથી સાચા લોગોની સચ્ચાઈ હરગિઝ તૂટી શકે નહી. જૂઠ અને નાફરમાનીનો બુખાર એવો શદીદ હોય છે કે, પહેલા તે જૂઠો એક હોય છે જે તેની બકવાસને હક્કની જમાઅતના મુમેનીનમાં હાંકે છે અને તે એક જૂઠાને સાચો સાબિત કરવા શયતાનોના ગુંડ જેમ જૂઠાઓની ટોલી તે જૂઠા-ઈબ્લીસની હિમાયત અને ટેકા વાસ્તે મૈદાનમાં આવી જાય છે. આકિલ મુમિન પર વાજિબ છે કે, બોલનારની ફિતરત, અસલીયત, સોહબત, આદત અને તાઅલીમના તૌર તરીકા તેના ઝહેનમાં રાખે અને તેની બદ-સુલૂકીનો ચિતાર તેની નઝર સામે રાખે, જેથી તે જૂઠો છે કે સાચો તે મુકર્રર કરી શકાય. જો તે જૂઠો-કાઝિબ હોય તો તેની હકીકતને ફાશ કરનાર ચંદ સાદિક, મુખ્લિસ-મુમિનની સચ્ચાઈને કુબૂલ કરીને તે મુમિન પર ભરોસો મુકવો અને તે જૂઠાથી આગાહ થઈ જાવું વાજિબ થઈ જાય છે.

(બકીયાહ પેજ નં. ૧૩ પર)

ગરીબનું સબર કરવું ઈબાદત મુજબ છે.

લફ્ઝી કશ-મ-કશ




❋ ઉભી તરકીબ :

૧) પોતાનું કામ _____ જ કરવું જોઈએ. (૨)
૨) સબર કરનાર બૈરોને સાબેરા કહેવાય તો ફઝીલત વાલા બૈરોને શું કહેવાય? (૩)
૩) કુરઆને કરીમમાં અલ્લાહતઆલા ઔલાદ સાથે _____ ની ઝિક્ર કરે છે. (૩)
૭) જહન્નમના _____ દરવાઝાઓ છે. (૨)

❋ આડી તરકીબ :

૨) "તેના બાવાજીના માઁ" આ કલામ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ કયા બૈરો વાસ્તે ફરમાવા છે? (૩)
૪) યૌમે કેયામત મુમેનીનને મૌ. અલી (અ.સ.) _____ કૌસર માંથી પાની પિવડાવશે. (૨)
૫) કુરઆને કરીમમાં ચોથો સિપારો કયા લફ્ઝથી શુરૂ થાય છે? (૨)
૬) બેનઝીર, બેમિસાલ, જે કોઈના જેવું ન હોય. (૩)



૦ સહીહ જવાબ આપનાર : - અમીરૂદ્દીન ઈબ્રાહીમ સમલાયાવાલા

૦ અલ-હાજ્જ અબ્બાસભાઇ અલીભાઇ દારૂવાલા તરફથી આ કોલમ વાસ્તે હદીયો ઈનાયત કરવામાં આવે છે.

ગયા શુમારાના લફ્ઝી કશ-મ-કશનો ખુલાસો :-

નોંધ : કારેઈનને ઈલ્તેમાસ છે કે, લફ્ઝી કશ-મ-કશ ના જવાબો લખી હમારા એડ્રેસ પર શાબાનુલ કરીમ મહીનાની ૧૦ તારીખ પહેલા પોતાના મોબાઈલ નંબર સાથે મોકલી આપે. સહી જવાબ આપનાર મુમેનીનનો ડ્રો કરવામાં આવશે અને જે નસીબદાર ભાઈનું નામ ખુલશે તેને એક યાદગાર તોહફાથી નવાઝવામાં આવશે. ✯

ઝરૂરી એલાન

ધોરણ ૧ થી ૩	: ૯૦% યા તેનાથી વધુ	ધોરણ ૪ થી ૭	: ૮૦% યા તેનાથી વધુ
ધોરણ ૮,૯ અને ૧૧	: ૭૫% યા તેનાથી વધુ	SSC	: ૮૦% યા તેનાથી વધુ
HSC	: ૭૫% યા તેનાથી વધુ	Graduation / PG	: ૬૦% યા તેનાથી વધુ

કોઈ પણ Medium યા discipline માં ઝૈરે તાઅલીમ મુમેનીનના હોનહાર ફ્હીમ ફરઝંદો-દુખ્તરોના આ સાલ final examination માં ઉપર આપેલી માહિતી મુજબ Grade યા Marks આવા હોય એ તમામ વાલેદૈનથી હમારી ગુઝારિશ છે કે, શાબાનુલ કરીમ મહીનાની ૧ થી ૧૦ તારીખ દરમિયાન પોતાના દીકરા-દીકરીનો નૂરાની લિબાસમાં પાસપોર્ટ સાઈઝ ફોટો અને Marksheet ની Xerox ૫૦/-રૂા. ના હદીયા સાથે Alavi Community Centre, બદરી મોહલ્લા મુકામે સવારે ૧૦:૩૦ થી ૧૧:૩૦ દરમિયાન જમા કરાવી જાય. ઈન્શાઅલ્લાહ મિશ્કાતુલ હાદીના શહરૂલ્લાહના શુમારા સાથે અપની વેબસાઈટ www.alavibohra.org પર Standardwise ફોટો શાયેઅ કરવામાં આવશે.

અપની કૌમી વેબસાઈટ પર ઘણા વક્તથી **"Shining Star"** નું કોલમ ચાલુ છે. Academic Qualification સિવાય પણ અપની જમાઅતના હોનહાર students, Extra-Curricular Activities યા કોઈ Specialized Course માં ગૈરમાઅમૂલી કામિયાબી હાસિલ કરતા હોય છે. આ અખ્બાર કે વેબસાઈટ એવા તમામ students ની હોંસલા-અફ્ઝાઈ વાસ્તે તેમના Achievement ની ઝિક્રે ખૈર કરવાનો ઈરાદો રાખે છે. લેહાઝા, પૂરી details સાથે ઉપર મઝકૂર જગા પર આવી નામ દરજ કરાવી જાય યા તેઓ હમને email પર contact કરી શકે છે.

Email : al_haadi@alavibohra.org. ✯

પરહૈઝગારી તમામ આઅમાલનું દિલ છે.

શરીઅત અને ઝાડ

સૈયેદના કાઝી નોઅમાન સાહબ (આ.કુ.) ફરમાવે છે કે, "ખુદાતઆલા એક છે, એકલો છે અને પહેલો છે. તે અહદ છે, વાહિદ છે, ફર્દ છે અને અવ્વલ છે. કોઈ એવી સિફત નથી, જે ખુદાની તાઅરીફ કરી શકે અને ખુદાને કોઈ ચીઝના સહારે સમઝાવી શકે. ખુદાતઆલાની સિફત બયાન કરવામાં જે વક્ત કોઈ લાચાર થઈ જાય તો તે લાચારીથી જ ખુદાની માઅરેફતની ઈબ્તેદા થાય છે. **માઅરેફતે ખુદા તરફ જાવાનો આસાન તરીકો એની શરીઅત છે, જેનું ઝાહિર પણ છે અને બાતિન પણ છે.** ઝાહિર જેટલું સાફ અને ખૂબસુરત છે, તેટલું જ એનું બાતિન ગહેરૂં અને ભારી છે. શરીઅત પર ચાલનાર વાસ્તે ખુદાતઆલા એની તરફ આવવાનો રસ્તો બનાવી આપે છે."

શરીઅતમાં ત્રણ ચીઝો છે : ૧) બંદગી - ઈબાદત. ૨) દીનના સબબ દુનિયાની આબાદી. ૩) બાતિની તાવીલી ઈશારા. આ તમામ ચીઝો બંદાને જિસ્માની હાલાતથી રૂહાની દાએરાના હુદૂદ તરફ ચઢાવે છે. જેને રૂહાની ઈરતિકા યા રૂહાની દરજામાં તરક્કી કહેવાય છે. આ તરક્કી જ એની બહેતરીન મઆદ - આખેરત અને નજાત વાસ્તે કાફી છે.

૯ માં ફાતેમી ઈમામ મૌ. અહમદિલ મસ્તૂર (અ.સ.) ફરમાવે છે કે, "શરીઅતનો ઢાંચો અને મિસાલ ફૂલદાર-ફલદાર ઝાડ મુજબ છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ તેને કામિલ કીધી, તમામ કીધી, તેથી આપ તેનું મજબૂત થડ છે. આપના વસી, વલી અને વઝીર મૌ. અલી (અ.સ.) તેનું અસલ-જડ છે. આપના અને આપના વસીના શીઆ, અસ્હાબ, અન્સાર અને દોઆત તેના ડાલાઓ મુજબ છે. આના પછી આવનાર તમામ મુમેનીન તે ઝાડના પત્તા, ફૂલો અને ફલો છે, જેનો રંગ, લઝઝત અને ખુશ્બૂ કોઈ વક્ત બદલાતી નથી. **ચાઅની, ઝમાનાઓ બદલાતા રહે પણ મુમેનીનના ઈમાનની કૈફીયતમાં કોઈ ફરક આવતો નથી.** સખ્તી હોય કે સહેલાઈ હોય, બેવે હાલતમાં મુમેનીનનું ઈમામે હક્ક તરફ યકીન એકસરખું રહે છે."

આ મુબારક ઝાડની તખ્લીક એવી અજીબો ગરીબ છે કે, તેનું જડ આસ્માનમાં છે અને તેના ડાલાઓ ઉપરથી નીચે ઉતરે છે યાઅની આલમે રૂહાનીથી આલમે જિસ્માની તરફ આવે છે. શરીઅત, ઈલ્મ પર છે અને ઈલ્મ, પાની મુજબ છે. જેમ પાની આસ્માનથી ઝમીન તરફ વરસે છે, તેમ આ દરખ્ત-ઝાડનો માદ્દો ખુદાતઆલાએ આસ્માનમાં મુકેલો છે. **શરીઅતના આ ઝાડની તાઝગી ખુદાએ આસ્માની ઈલ્મથી બરકરાર રાખી છે.** આસ્માનથી તાઈદ આવે છે જેને મલાએકત-ફરિશ્તા લાવે છે. તેઓ બશરના બાદશાહ અંબિયા-અઈમ્મતને ઈલ્હામ પહોંચાવે છે. શું કામ? કેમકે બશરને મલાએકતના રૂત્બા તરફ ખેંચવા છે, તરક્કી બખ્શવી છે, દરજામાં ચઢાવવા છે.

તૂબાનું ઝાડ અર્શની નીચે છે, જેના ડાલા જન્નતની મંઝિલો તરફ પહોંચે છે. તે જ મુજબ શરીઅતના આ ઝાડના દરાઝ ડાલાઓ દુનિયાના હર ગોશામાં ફેલાયેલા છે, યાઅની ખુદાની શરીઅતનો પૈગામ હર ઝમાનમાં હર કોઈને પહોંચે છે, જેથી એમ હુજ્જત બાકી ન રહે કે, હમને તો દીને ખુદા તરફ લઈ જાનાર કોઈ મિલું જ ના? પણ જો બશર તેના આસપાસની હર ચીઝ પર નઝર કરે અને ઈબરતની આંખને ખોલે તો ઝરૂર તેને ખુદાનો પૈગામ મિલી જાશે અને ખુદાના વલી તરફ જાવાની રાહ ખુલી જાશે.

ખુદાતઆલાનું અહેસાન છે કે, આજે હમારા દરમિયાન શજરતે તૂબાના માલિક દાઈયુઝ્ઝમાનની હસ્તીમાં અફ્લાકે દોઆતના ૪૪ માં સિતારા સૈયેદના અબૂ હાતિમ તૈયેબ ઝિયાઉદ્દીન સાહબ (ત.ઉ.શ.) મૌજૂદ છે, જેના સાયામાં હમેં દાઅવતે ઈબ્દાઈયહ મુબારકહના ફલ-ફૂલ બનવાનો શરફ હાસિલ કરી રહ્યા છે અને ઝરૂર હમેં હરદમ મૌસમે બહારીમાં આ બાબરકત દરખ્ત પર ખિલતા-મહેકતા રહીશું. આમીન, યા અહસનલ ખાલેકીન. ☆

મૌ. અલી (અ.સ.) એ ઈદના એક મૌકા પર ફરમાવું કે, " હકીકતમાં ઈદ તો તે શખ્સ વાસ્તે છે કે, જેના રોઝા અલ્લાહ કુબૂલ કરે અને જેની નમાઝોથી તે મશ્કૂર થાય. જે દિનમાં અલ્લાહતઆલાની નાફરમાની ન થતી હોય તે જ ઈદનો દિન છે. "

It is an Eid for him whose fasting Allaah accepts and for whose prayers He is grateful, (in fact) a day where in no sin is committed is an Eid day.

નેઅમતનો ઝિક્ર કરવો તેનો શુક્ર છે.

ગુલ્શને ફિકહ – ઈમામત

કિસ્ત - ૬

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) થી રિવાયત છે કે, તમારા માંથી જે શખ્સે પહેલે હિજરત કીધી હોય એ ઈમામત કરાવે. અગર એમાં સઘલા બરાબર હોય તો પછી જે શખ્સ ઝિયાદહ કુરઆન પઢનાર અને સમઝનાર હોય એ ઈમામત કરાવે અને અગર એમાં પણ સઘલા બરાબર હોય તો જે શખ્સ ફિકહમાં યાઅની શરીઅતમાં હલાલ અને હરામની સમઝ રાખવામાં માહિર હોય એ નમાઝ પઢાવે અગર એમાં પણ સઘલા બરાબર હોય તો જે શખ્સ ઉંમરમાં મોટો હોય એ નમાઝ પઢાવે.

ઉપર આપેલી શરતો એવા હાલાતમાં અમલમાં આવે છે, જે વક્ત મુમેનીનને દરમિયાન કોઈ રઝાના સાહબ હાઝિર ન હોય. અઈમ્મતે હક્ક (અ.સ.) ના વક્તમાં પણ ઈમામ (અ.સ.) ની રઝાથી આપના દાઈ બધા જઝીરહની મસાજિદમાં નમાઝ પઢાવતા હતા. ઈમામ (અ.સ.) અને એમના ઈસ્તેતારના વક્તમાં દાઈયુઝઝમાન ઝિયાદહ જાણે છે કે, કૌન ઈમામ કરાવવાને લાઈક છે અને કૌન નથી. મુમેનીન પર લાઝિમ નથી કે, જે મસ્જિદમાં રઝાના સાહબ નમાઝ પઢાવતા હોય તે મસ્જિદમાં એમની ગેરહાઝિરીમાં કોઈ શખ્સ ઈમામત કરાવવા ઉભો થાય. એવા હાલાતમાં મુમેનીન પર ઝરૂરી છે કે, ખુદની ઝાતથી જ નમાઝ પઢી લે, સબબ કે, **એકલા મુમિનની નમાઝ પણ ઈમામતની નમાઝમાં શુમાર છે.** મુમિનને પાછલ અલ્લાહતઆલાના ફરિશ્તાઓ નમાઝ પઢે છે.

અપનું દીન રઝાનું દીન છે. જો અગર રઝાની અહેમીયત ન હોતી તો ૧૯ માં યમની દાઈ સૈ. ઈદરીસ ઈમાદુદ્દીન સાહબ (આ.કુ.) ના ફરમાનથી હિંદના મુમેનીન એક ભિશ્તી-સક્કાને પાછલ ઈમામતની નમાઝ ન પઢતા કે, જેને હિંદના વાલીએ વુઝૂ, નમાઝ અને સૂરતુલ ઈખ્લાસ શિખાવી અને પોતે પણ એને પાછલ નમાઝ પઢી. આ વાકેઓ, દાઅવતની મસ્નદ હિંદુસ્તાન તરફ મુન્તકલ થાવાનો ઈશારો હતો. હત્તલ ઈમ્કાન, અપની હર મસ્જિદોમાં રઝાના સાહબ ઈમામતની નમાઝ પઢાવે છે. કોઈ વક્ત એવા હાલાત પૈશ આવે કે, **મસ્જિદમાં કોઈ રઝાના સાહબ ન આવી શકે તો એવા વક્તમાં મુમેનીન પર લાઝિમ છે કે, ખુદ પોતાની ઝાતથી નમાઝ પઢી લે.**

ઈમામ જાઅફરૂસ્સાદિક (અ.સ.) ફરમાવે છે કે, જે વક્ત ઈમામ કોઈ એક જ શખ્સને નમાઝ પઢાવતા હોય તો તે એની જમણી તરફ ઉભો રહે અને ઈમામ એના મસલ્લાને અડાવીને થોડો ઉપર રાખે. અગર બેથી ઝિયાદહ લોગો હોય તો ઈમામને પાછલ મસલ્લો બિછાવે. ઈમામને પાછલ ચઢનાર શખ્સ બીજા તમામને પોતાના જમણી તરફ ચઢાવે તે બાદ ડાબી તરફ ચઢાવે.

મસ્જિદ સિવાયની જગા પર પણ ઈમામતની નમાઝ પઢાવવું યા પઢવું જાઈઝ છે. ઈમામતની જગા કરતા ઈમામ અફઝલ છે. મસ્જિદ કરતા એમાં ઈમામત કરાવનાર અફઝલ છે. આ ચીઝને સમઝવા એક આમ મિસાલ એ છે કે, અગર કોઈ ઘરમાં હુઝૂરેઆલી સૈયેદના સાહબ (ત.ઉ.શ.) પોતાના ઝુમ્રાને સાથે ઈફ્તેતાહ યા મીસાક યા ઝિયાફત વાસ્તે પધારા હોય અને નમાઝનો વક્ત થાય અને અગર એ ઘરમાં માઝૂન સાહબ યા મુકાસિર સાહબ નમાઝ વાસ્તે ઉભા થાય, તો આ ઘરની ઈમામતની નમાઝ મસ્જિદની નમાઝ કરતા અફઝલ અને ઉંચી છે, સબબ કે, માઝૂને મુત્લક યા મુકાસિરે મુત્લક નો મરતબો દાઈએ મુત્લક સિવાય બીજા નમાઝ પઢાવનાર કરતા ઉંચો છે, તો એમની ઈમામતની નમાઝ ઝિયાદહ અફઝલ છે, એ મસ્જિદની નમાઝ કરતા જેમાં રઝાના બીજા સાહબો નમાઝ પઢાવતા હોય. એવા હાલાતમાં મુમેનીન પર લાઝિમ છે કે, મરતબાના સાહબની ઈમામત તરફ શૌક કરે. ✯

અલ્લાહતઆલાને નઝદીક તે જ આઅમાલ ઝિયાદહ પસંદીદહ છે કે, જે હમેશા થાતા રહે, ભલેને તે થોડા હોય.

The deeds which Allaah likes the most are those which are most consistent even if they are less.

અમાનતમાં ખયાનત કરવી જહન્નમની આગ માંથી એક અંગારો છે.

દીન અને સાયન્સ – કિસ્ત-૨

દીને ઈસ્લામના હર હુકમ ઈન્સાનની બહેતરી અને ભલાઈ વાસ્તે ફરઝ કરવામાં આવા છે, જે સિર્ફ જિસ્મ અને જાનના લિહાઝથી નહીં, બલ્કે બીજા અનેક નઝરીયાથી ફાયદામંદ છે. કુરઆને કરીમમાં ખુદાતઆલા ફરમાવે છે : "તમારા પર રોઝા ફરઝ કરવામાં આવા છે, જેમ તમામ આગલના લોગો પર ફરઝ કરવામાં આવા હતા." આ આયતે કરીમાથી સાબિત થાય છે કે, કદીમ ઝમાનાથી રોઝા રાખવાનું અમલ જારી છે. રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના મબઉસ થાવા પહેલા સઘલા આશૂરા ના દિનનું રોઝું કરતા હતા.

જેમ અહલે હુનૂદ પોતાના જાનની પાકીઝગી વાસ્તે ઉપવાસ રાખે છે. તેઓ ઉપવાસની હાલતમાં બાઝ કિસ્મના પકવાન લેતા નથી. દૂધ, પાની અને ફ્રુટસ લે છે. આ જ મિસિલ બૌદ્ધ મઝહબના સાધુઓ દિનમાં એક જ વક્ત જમે છે, તેના બાદ કોઈ ચીઝ લેતા નથી. જૈન મઝહબના લોગો પણ આ મુજબનો અમલ કરે છે. આ જ રીતે યહૂદી અને નસરાની પણ પોતાના મઝહબ અને અકીદા મુતાબિક ભૂખા-પ્યાસા રહે છે. આ તમામ મઝહબી અને અકીદાની વાતથી કોઈને એમ ન થાય કે, રોઝા રાખવું ફક્ત એક શરઅી અને મઝહબી જ અમલ છે, બલ્કે આજના ઝમાનમાં રોઝાને "ઈલાજ" અને "દવા" ના નુસ્ખા તરીકે પણ અપનાવવામાં આવે છે. હાઁ, ઝરૂર **રોઝાનો પહેલો મકસદ દીનના અહકામ અને ઈન્સાની અખ્લાકને મઝબૂત કરવાનો જ છે.**

આજનું મેડીકલ સાયન્સ કહે છે કે, ભૂખા-પ્યાસા રહેવું રોઝમર્રાના રૂટીન નો એક હિસ્સો છે અને તે જમન જમવાનો એક કાનૂન છે. તંદુરસ્ત રહેવા વાસ્તે થોડા વક્ત ભૂખા રહેવું તે જમન જમવાનો આઅલા ઊસૂલ-**Golden rule** છે. એ જ વાસ્તે આજે યુરોપના સેંકડો **Doctors** મરીઝને ભૂખા રહેવાની સલાહ આપે છે. જે વક્ત આ હુકમે ઈલાહીની રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ૧૪૦૦ સાલ પહેલા લોગોને ખબર કીધી કે, "ચંદ લુકમાઓ ઘણા લુકમાઓને રોકે છે", યાઅની ઝિયાદહ જમન જમવાથી બદહઝમી થાય છે, આ સાથે ડૉક્ટર પણ એને જમનથી પરહેઝ કરવાની સલાહ આપે છે. આપ ફરમાવે છે કે, **" રોઝા કરશો તો તંદુરસ્ત રહેશો. "** મગર કમનસીબે અપને આજે પણ ગલા તક જમા બાદ જ ઉઠીએ છીએ. અપના સામે થાલમાં ફાખિર પકવાન મુકવામાં આવા હોય, જમન લઝીઝ પાકું હોય તો જીભના લપલપાટ પર **control** કઈ તરહ થઈ શકે અને એમાં જો કોઈના ઘરે જમવા ગયા હોય, તો ખુદા જ ખૈર કરે!!!

હજી દુનિયામાં એવા ખાવા-પીવાના **competition** રાખવામાં આવે છે કે, જેમાં જો કોઈ મુકર્રર વક્તમાં ઝિયાદહ ખાય એને ઈનામ આપવામાં આવે છે. તો બધા લોગો ખાવા-પીવાને ફેશન, ફઝીલત અને ખૂબી સમઝે છે. હાલાંકે ખાવું-પીવું તે તો ઢોરની આદત છે અને ઈન્સાનને એટલું જ જમવું જોઈએ જેટલું ઝિન્દા રહેવા વાસ્તે ઝરૂરી હોય. એ જ વાસ્તે દીને ઈસ્લામમાં રોઝા ફરઝ કરવામાં આવા છે. જેનાથી ઈન્સાન હયવાનથી જુદો થાય. ભૂખા-પ્યાસા રહેવાથી ઈન્સાનને હયવાન પર ફઝીલત અને ફરક હાસિલ થાય છે.

અલ્લાહતઆલાએ ઈન્સાન વાસ્તે પાક ચીઝોંને જમવા વાસ્તે હલાલ કીધી છે. જેમ ઝિન્દા રહેવા વાસ્તે હવા અને પાની ઝરૂરી છે, તેમ જિસ્માની તાકત વાસ્તે જમન લેવું પણ એટલું જ ઝરૂરી છે.ગિઝા લેવાથી જિસ્મમાં તાઝગી-તાકત આવે છે. આ ગિઝાથી ખૂન બને છે અને પૂરા જિસ્મને કુવ્વત મિલે છે. જેમ એક **factory** હોય, તેમાં જો અપને કાચો માલ જ ન નાખીએ તો **factory** ના તમામ **machine** બંધ થઈને પડી રહે અને કોઈ નવું **product** જ તૈયાર ન થઈ શકે, તે જ મિસિલ અપનું જિસ્મ પણ એક **chemical factory** ની મિસિલ કામ કરે છે. જમન અપના જિસ્મમાં **factory** ના કાચા માલની મિસિલ **process** થાય છે. **Vitamins** અને **Minerals** અપના જિસ્મને કામ કરવાની કુવ્વત આપે છે અને ગિઝામાં જે ઝહેરીલા પદાર્થ હોય છે, તે અલગ-અલગ આઅઝાથી બહાર નિકલી જાય છે.

(બકીયાહ પેજ નં. ૧૦૫૨)

કિતાબની કરામત એ છે કે તેને બરાબર પઢવામાં આવે.

તિજારત

યા અલી અલ મદદ

" વ્હોરા આલમમાં " ટોપી " નું રાજ, જાણે શોભે મસ્તકે તાજ "

ભાઈસાહેબ ઈબ્રાહીમ

સરનામું : વાડી બદરી મોહલ્લા નાકા, વડોદરા-૧૭.

આવી રહેલા ઇબાદતના મહિનાઓની તૈયારી રૂપે અમારે ત્યાં મનપસંદ ડીઝાઇનોમાં દરેક પ્રકારની ટોપીઓ મળશે.

સમય : સાંજે ૫ થી ૮ / મો.: ૯૪૨૭૮૪૧૧૨૩

સોફીયા જે. વ્હોરા

સોફીઝ કલેક્શન

ડીઝાઇનર સલવાર કમીઝ, સાડી, રીદા, ડ્રેસ મટીરીયલ્સ અને શાદીની જોડીઓ બનાવનાર

સરનામું : લાઈફ લાઈન ક્લીનીક, ૨૭૦ - રામપાર્ક, આશીયાના એપાર્ટમેન્ટ પાછળ, આજવા રોડ, વડોદરા-૧૯.

સંપર્ક કરો : ૯૯૯૮૪૧૩૫૫૬

(સોમવાર થી શુક્રવાર ફક્ત એપોઇન્ટમેન્ટ દ્વારા)

Learn & Earn

Tally

Authorised Training Center & Sales Partner

MS Office
Internet
Tally ERP 9
DTP
Live Web Designing + Hosting
PGDCA Certificate Course (1 Year)
C,C++
School Syllabus,
Spoken English

GOVT. CERTIFICATION

LOKHANDWALA'S COMPUTER EDUCATION

Gendigate Main Rd., Vadodara, Ph.: 2410862
(M) 98980 86320

Mohsin S. Surti
M.: 9825552151
Ph.: 0265-2521569

M.M. GLASS

All Kind of Glass Merchants
Specialist in :
Alluminum Doors-Windows
Partition Works.

G-1, Shalimar Flats,
Nr. Telephone Exchange,
Water Tank, Ajwa Road,
Vadodara.

અલી (અ.સ.) ના શીઆ તે કામિયાબ થનાર છે.

લયલતુલ ઈસરા - શબે મેઅરાજ

ઈશ્કે મહેમાન હોવા હુસ્ન કે ઘર આજ કી રાત,
જઝબએ દિલ હે બર આગૌશે અસર આજ કી રાત.

બખ્ને બેદારને કી દૌલતે સરમદ કી નુવેદ,
ક્યૂં ન આંખોં મેં કટે તા બસહર આજ કી રાત.

અપને અલ્લાહ સે મિલને કે લિયે જાતા હે,
અપને અલ્લાહ કા મન્ઝૂરે નઝર આજ કી રાત.

માહો અંજુમ ને સરે રાહ બિછાદી આંખેં,
ક્યૂં કી હે નાકએ ઈસરા કા સફર આજ કી રાત.

કહેકશાં જલ્વાફિશાં હે કે ઈસી રસ્તે સે,
હોનેવાલા હે મોહંમદ કા ગુઝર આજ કી રાત.

ચાંદ ક્યા ચીઝ હે, સૂરજ કી હકીકત ક્યા હે,
રૂએ પુરનૂર સે રૌશન હે નઝર આજ કી રાત.

ઉઠ ગયા ચહેરએ હસ્તી સે નકાબે અસ્રાર,
લાઈ હે રાઝે અમાનત કી ખબર આજ કી રાત.

મિલ ગઈ દોનોં જહાનોં કે ખઝાનોં કી કિલીદ,
અપની મેઅરાજ કો પહોંચા હે બશર આજ કી રાત.

અપને દાઈ કે વસીલે સે દોઆએં માંગો,
"અલવી" હોગા હી દોઆઓં મેં અસર આજ કી રાત. ✯

તિજારત

.....Changing **"DESI TREAT"** with a New Name.....

Cafe Royal

House Of Quality Food

MUGHLAI * CHINESE * PUNJABI FOOD

Tandoori Roti is our Speciality

GF-6, Sai Vihar Apartment, Opp. Emperor Complex, Fatehgunj Main Road, Vadodara - 02.

Kasim / Mazhar / Jabirbhai - +91-9016801117

અમરીન કલેક્શન

રીદા, ફેન્સી ડ્રેસ મટીરીયલ, ટી-શર્ટ, ઇજાર, વગેરે મળશે.

દુકાન નં.૮, તાજ કોમ્પ્લેક્ષ, આજવા રોડ, વડોદરા-૧૯.

મોબાઇલ નં : ૯૭૨૫૯૫૦૦૮૬

અમલની બહેતરી એમાં છે કે તેને અંજામ તક પહોંચાવવામાં આવે.

જમનના આદાબનો એક નાદિર કિસ્સો

રિવાયતમાં છે કે, હદબા બિન ખાલિદ એક દિન અબ્બાસી ખલીફા મામૂનના દરબારમાં હાઝિર થયા. જે વક્ત મજલિસ બરખાસ્ત થઈ તો ચંદ ખાસ દરબારીઓ સાથે હદબા ત્યાં રૂકા. ખલીફાએ જમન વાસ્તે ઈઝન પૈશ કીધું અને થોડા જ વક્તમાં એક મોટા તબકમાં તરહ-તરહના પકવાનો અને જમનની અન્વાઓ અકસામ લાવવામાં આવી, ખલીફાએ અમર કીધો કે, હદબા એમના સાથે જમવા બેસે અને દીગર લોગોને પણ દરબારની અદબ મુજબ બેસવાનું કહ્યું.

ખલીફા સાથેની આ ઝિયાફતમાં હદબાએ અહલુલ બૈત (અ.સ.) એ જમનના આદાબ વાસ્તે જે જે ફરમાનો કીધેલા છે, તે મુજબ ઈઝહાર કીધો અને જમનની ખૂબ અઝમત કીધી. ખલીફા મામૂને હદબાના જમનના તૌર-તરીકા જોયા અને હદબાની ઘણી ઈઝઝત અફઝાઈ કીધી. જે વક્ત જમનથી તમામ ફારિગ થયા અને ખાદિમોંએ થાલ ઉઠાવું તો સફરા પર જે દાના પડેલા હતા તેને હદબા એક-એક કરીને જમી ગયા. આ અમલ પર ખલીફાએ હલકી નઝરથી હદબાની મસ્ખરી કરીને કહ્યું કે, અય હદબા! શું આટલું બધું જમીને પણ તમારૂં પેટ નથી ભરાયું કે, સફરા પર પડેલા આવા દાના ખાવ છો? હદબાએ કહ્યું કે, અય ખલીફા! તમને શાયદ આ ચીઝનું ઈલ્મ નથી કે, રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) એ ફરમાવું છે કે, **"જે શખ્સ થાલ માંથી પડેલા દાના સફરા પરથી ઉઠાવીને જમી જાય તો તે દાનાની બરકતથી ખુદાતઆલા તેને કોઈ ચીઝનો મોહતાજ કરતો નથી, બલકે મોહતાજગી અને ફકીરીથી અમાન આપે છે."** અય ખલીફા! મને ઘણો જ તઅજ્જુબ થાય છે કે, તમારી હાઝરીને બાવુજૂદ જમનની આ મુજબ તૌહીન થાય છે.

હદબાના આ કૌલ પર ખલીફો ઘણો જ શરમિંદા થયો અને ફૌરન પોતાના ગુલામને બોલાવો અને હુકમ કીધો કે, એક હઝાર દીનાર અને બે હઝાર દિરહમ લઈને આવે. આ રકમ ખલીફાએ તમામની હાઝરીમાં હદબાને હદીયો કરી દીધી અને દરબારીઓને નસીહત કીધી કે, તમેં સઘલા આ હદબાની સીરત પર ચાલો અને તેનાથી અદબ શીખો, શાયદ કે ખુદાતઆલા તમને કરામત બખ્શે. હદબાએ કહ્યું કે, **"સફરા પર જે દાના હતા, તે હું જમો તેની બરકતથી હું આજે ગની થયો અને ખુદાએ મારી હાજત અને મોહતાજગીને દૂર કીધી."** યહાઁ પર ગૌર કરવાની વાત એ છે કે, હદબાએ મામૂન ખલીફાથી હદીયો લઈને તેની ખુશામદ અને તાઅરીફ ન કીધી કે, અય ખલીફા! તમારૂં અહેસાન છે કે તમેં મને ઈઝઝતથી નવાઝો. બલકે, ખુદાતઆલાનું અહેસાન માનું કે, **તેએ જમનની નેઅમત બખ્શી અને તેની બરકતના સબબ તે ગની થયા.** અહલુલ બૈત (અ.સ.) ની વલાયતનો દિલમાં ઈકરાર કરી હદબાએ હક્કની વાતને ઝાહિર કરવામાં કોઈ કસર બાકી ન રાખી અને બેઅદબીનો સાથ બિલકુલ ન આપો, તે જાણીને કે, તેના સામે એક તાકતવર શખ્સ બેસેલો છે.

આ હિકાયતથી મુમેનીનને સબક આમૌઝ થાવું જોઈએ કે, જમનના આદાબના સિલસિલામાં આના જેવી નાની-નાની વાતો ખૂબ વઝન રાખે છે. હર હાલાતમાં જમનાર પર વાજિબ છે કે, તે ખુદાની નેઅમતનો એહતેરામ કરે, અદબથી જમે અને જમનને ઝાયેઅ ન કરે. ઘરમાં બચેલા જમનને અડોશ-પડોશમાં યા સાઈલને આપી દે. જમન એ મુજબ જમે કે, સેહત અને આફીયતી રહે, ગૈર-તરીકાથી, બદતહેઝીબીથી, ગૈર-વક્ત પર, ગૈર-જગા પર ન જમે. યાદ રહે કે, ઈન્સાનના પેટમાં જે જમન જાય છે, તે જો પાક હશે તો તે ભલાઈ કરશે અને તે શખ્સ દાઅવતે હક્કનો મોહિબ્બ થાશે અને જો તે નાપાક હશે તો તે શર કરશે અને ઈબ્લીસે લઈન થાશે. ☆

આકિલનો સીનો ભેદી-મખ્ફી વાતોની પેટી છે, ખુશમિઝાજી દોસ્તીનું રસ્સું છે, અસરઅંગેઝ બરદાશ્તગી ઐબોની આફતોની કબ્ર છે.

The bosom of a wise person is the safe of his secrets, cheerfulness is the bond of friendship, effective forbearance is the grave of short comings.

અજબ છે તે શખ્સ વાસ્તે કે તે દુનિયાને તલબ કરવા પર પડેલો છે હાલાંકે મૌત હર ઘડી તેને તલબ કરે છે.

ઈબરતનાક અહાદીસે બની ઈસ્રાઈલ – કિસ્સો : ૧૨

નમાઝની કરામત

ખુદાતઆલા પોતાના નૂરાની કલામમાં ફરમાવે છે કે, "અકીમુસ્સલાત", તમેં, અય મારા ઈમાનદારોં! નમાઝને કાઈમ કરો. હર હાલમાં તેની પાબંદી રાખો. નમાઝમાં જો તમેં મારો શુક્ર કરીને મારા તરફ તવજ્જોહ કરશો, તો હું તમારા તરફ તવજ્જોહ કરીશ. નમાઝ મારા દીનનો પાયો છે અને હર મારા નબી મારી ઈબાદત કરવાની જ વસીયત કરી ગયા છે.

નબીયુલ્લાહ મૌ. દાઉદ (અ.સ.) ના ઝમાનામાં એક મુમેનહ બૈરો રોટલી બનાવી રહ્યા હતા, તો અચાનક એની નઝર સૂરજ પર પડી. જોઈ છે શું કે, નમાઝનો વક્ત થઈ ચુકો હતો. એ ફૌરન ઉઠા અને નમાઝ અદા કરવા લાગા. નમાઝથી આ બૈરોનો આ તરહનો લગાવ જોઈને ઈબ્લીસ આવી ગયો અને એના દિલમાં વસવસો નાખવા લાગો. કહેવા લાગો કે, અય બૈરો! નમાઝને છોડ ત્યાં તારી રોટલી ખાખ થઈ રહી છે. બૈરોએ બિલકુલ પરવાહ ન કીધી. ઈબ્લીસ ખૂબ ડરાવના આવાઝમાં પુકારો કે, તારૂં બચ્ચું ધગધગતા તન્નૂરમાં પડી ગયું છે, તું ઉઠ અને તેને બચાવ. બૈરો ખુદાની ઈબાદતમાં એ મુજબ મશ્ગૂલ હતા કે, એનો તવજ્જોહ એક પલ વાસ્તે પણ નમાઝથી ન હટો. પૂરા સુકૂનને સાથે જે વક્ત નમાઝ તમામ કીધી તો બૈરો બોલા કે, અય દુશ્મને બંદએ ખુદા! તારા હઝાર વસવસા મારા પર કામ લાગી શકશે નહીં. ભલે, રોટલી કે મારૂ બચ્ચું આગમાં ખાખ થઈ જાય, પણ મારી નમાઝમાં કઈ ખલલ આવે તે હું હરગિઝ ચાહિશ નહીં.

એ બૈરો મસલ્લા પરથી ઉઠા અને તન્નૂરને નઝદીક ગયા અને જોઈ છે શું કે, એનું બચ્ચું તન્નૂર (ભઠ્ઠી) માં બેસેલું છે અને લાલ અંગારાથી રમી રહ્યું છે અને તેના મૂંહમાં તે અંગારાને મૂકી રહ્યું છે. તન્નૂરમાં આ ભયાનક હાલાત હતા, તો પણ તે નાનું બચ્ચું સલામત હતું, તેને કોઈ જિસ્માની તકલીફ થઈ ન હતી. બૈરોએ ફૌરન તેના બચ્ચાને તન્નૂર માંથી બાહર નિકાલું, પછી એની નઝર રોટલી પર ગઈ તો તે પણ નિકાલી. જે રોટલી જલીને ખાખ થઈ જાવા જોઈતી હતી, **તે તન્નૂર માંથી ઝઅફરાની અને તાઝા બનીને નિકલી.** જે વક્ત એનો શૌહર આવો તો બૈરોને પૂછવા લાગો કે, ઘરમાં આ કઈ તરહની ખુશ્બૂ આવી રહી છે? બૈરો તે ઝઅફરાની રોટલી લાવા અને જમવા વાસ્તે શૌહરને સામે મૂકી. તાઝા-તાઝા રોટલી જમીને શૌહર કહેવા લાગો કે, ઝઅફરાની ખુશ્બૂ સાથે રોટલી માંથી તો મધ જેવો મીઠો ઝાયેકો પણ આવે છે.

પૂછું કે, અય બૈરો! આ પહેલા તો તમેં ઘણી વક્ત મારા વાસ્તે રોટલી બનાવેલી છે, પણ આજે જે તાઝગી અને લઝઝત હતી, તે લાજવાબ હતી. શું આ રોટલી કોઈ બીજાને ત્યાંથી આવેલી છે? બૈરોએ નમાઝના દૌરાન જે બનું હતું તે તમામ કિસ્સો પોતાના શૌહરને કહી દીધો. બૈરો જે મુજબ પરહેઝગાર હતા, તે જ મુજબ શૌહર બદ્દીન હતો. એને યકીન જ ન થયું કે, આમ પણ બની શકે અને નમાઝ પઢવામાં આટલી તાકત પણ હોઈ શકે.

તે ઉઠો અને તન્નૂરને દોબારહ સિલગાવું અને બૈરોને કહેવા લાગો કે, આ શોઅલાઝન તન્નૂરમાં બેસી જા. મેં જોવા ચાહું છું કે, તારો ખુદા તુંને કેમ બચાવે છે? બૈરો તે તન્નૂરમાં દાખિલ થયા અને અંગારાઓ પર બેસી ગયા. પછી શૌહરે ઉપરથી તન્નૂરનું ઢાંકણું બંધ કરી દીધું. ઘણા વક્ત તક બૈરો તન્નૂરમાં કૈદ રહ્યા. આગબગોલા ગુસ્સાથી તર-બ-તર શૌહરને થયું કે, હમણાં તક તો બૈરો આગથી ખત્મ થઈ ચુકી હશે. તે આવો અને તન્નૂર ખોલું. શું જોઈ છે કે, **તે મુમેનહ નમાઝી મુત્તકી બૈરો તન્નૂરમાં ઈત્મિનાનથી ખુદાની તસ્બીહમાં મશ્ગૂલ છે**, એના ચારે તરફ ફલ-ફૂલના નાના-નાના દરખ્ત ખુશ્બૂથી મહેકી રહ્યા છે, જાણે કે એક નાનો બગીચો હોય. તન્નૂરનો આ હસીન મંઝર જોઈને શૌહર શરમિંદા થયો, પોતાની નાદાની પર રોવા લાગો. બૈરોની મુઆફી માંગી અને નબીયુલ્લાહ મૌ. દાઉદ (અ.સ.) ને નઝદીક આવીને પૂરો કિસ્સો સંભલાવો. દાઉદ નબીએ તે બૈરોને તલબ કીધા અને પૂછું કે, ખુદાતઆલાએ તમારા પર આગને **"બરદન વ સલામત"**, તમારી સલામતી સાથે ઠંડી કીધેલી છે, તો બિલાશક તમેં કોઈ એવું નૈક અમલ કીધું છે કે, જેની જઝા અને સવાબ ખુદાતઆલા તમને આ મુજબ આપી રહ્યા છે.બતાવો, તે કયો અમલ છે? બૈરોએ જવાબ આપો કે, અય ખુદાના નબી! મેં કોઈ એવો અમલ કીધો નથી પણ મને એ ખબર છે કે, છેલ્લા ૨૦ સાલથી મેં નમાઝની પાબંદી કરી રહી છું. કોઈ પણ વક્ત મેં નમાઝને કઝા કીધી નથી. એવું પણ બનેલું છે કે

(બકીયાહ પેજ નં. ૧૬ પર)

તમેં તમારા ઘરના લોગો પર સલામ પઢો તો તમારા ઘરમાં ખૈરનો વધારો થાશે.

કેરીથી લબરેઝ સબકઆમોઝ મુરબ્બો

ઈસ વસવસોં કો દિલ સે નિકાલો, ઓ જીવાભાઈ,
યે આસ્તીં કે સાપ ન પાલો, ઓ જીવાભાઈ.
વો આ રહા હે ખુદ કો સજાલો, ઓ જીવાભાઈ,
પલકોં પે દો ચરાગ જલાલો, ઓ જીવાભાઈ.
જો આ ગયા હે સામને ખાલો, ઓ જીવાભાઈ,
ખાકર ખુદા કા શુક્ર મનાલો, ઓ જીવાભાઈ.
મરને કે વાકેઆત તો સુનસુન કે થક ચુકે,
જીનેકી કોઈ બાત નિકાલો, ઓ જીવાભાઈ.
બિસ્તર અગર નહીં હે મયસ્સર તો ક્યા હુવા,
ફરશે ઝમીં સે કામ ચલાલો, ઓ જીવાભાઈ.
સો દિન તો તુમને કાટ દીયે ફિકરો ચાહ મેં,
દો દિન હંસી-ખુશી કે બિતાલો, ઓ જીવાભાઈ.
વલ્લાહ! આપ ખૂબ લડે ઝિંદગી કે સાથ,
અબ ઝિંદગી સે હાથ મિલાલો, ઓ જીવાભાઈ.
અચ્છે હો યા બુરે હો સભી કો દોઆએં દો,
અચ્છેં-બુરોં કી સબકી દોઆ લો, ઓ જીવાભાઈ.
ગર ફિક્રે આખેરત હે તો આરામ કે લિયે,
દો ગઝ ઝમીં કો અપની બનાલો, ઓ જીવાભાઈ.
રહેકર ઝમીં પે કરતેં હો બાત આસ્માન કી,
કુછ અપને હોશ કી ભી દવા લો, ઓ જીવાભાઈ.
ક્યા હો ગયા પયામે અજલ સર પે આ ગયા,
કુછ દે-દિલા કે ઉસકો મનાલો, ઓ જીવાભાઈ.
ખાને સે પહેલે બઢતા રહે મેલજોલ તો,
ચાવલ મેં થોડી દાલ મિલાલો, ઓ જીવાભાઈ.
અલવી કી બાત માનો ઔર અચ્છે મીયાં બનો,
એક-દો રિદાએં દે કે મનાલો, ઓ જીવાભાઈ. ✯

(પેજ નં. ૬ નું બાકી)

આજના **21st century** ના **Doctors** રોઝા કરવાના ફાયદાઓની ઝિક્ર કરે છે. એમાં માઅલૂમ થાય છે કે, રોઝાદારોમાં **white blood cells** ની હરકત ઘણી તેઝ હોય છે. આ **cells** જિસ્મમાં **infection** અને બીમારીથી લડે છે. રોઝા રાખવાથી બુખાર, હેઝની તકલીફ, એનિમીયા, સરદર્દ વગેરાનો ઈલાજ થઈ શકે છે. તે સાથે રોઝા કરવું દિમાગ ને પણ મઝબૂત બનાવે છે. દિમાગની કુવ્વતને તેઝ કરે છે. **Power of concentration** ને ઝિયાદહ કરે છે. આમ કરવાથી ઈન્સાન **mentally** અને **physically** મઝબૂત બને છે.

રોઝા કરવું દિમાગને સાથે જાનને પણ પાક કરે છે. બદ-અમલની નાપાકી અને બદ-અખ્લાકના મૈલથી નફ્સને તહારત બખ્શે છે, કેમકે, અપના મઝહબમાં રોઝા રાખવાની માઅના સિર્ફ ભૂખા-પ્યાસા રહેવાની નથી, બલ્કે, હર તે અમલ જેમાં ખુદાની બેફરમાની હોય, જે અમલથી બીજા લોગોને તકલીફ થાતી હોય, એવી બુરાઈઓ અને બદ-અખ્લાકથી ખુદને રોકવાની છે. જેમ રોઝાની હાલતમાં જૂઠ ના બોલાય અને કોઈની ગીબત ના કરાય.

મૌલાતોના ફાતેમતુઝ્ઝહેરા (અ.સ.) ફરમાવે છે કે, **"રોઝાની હાલતમાં ઈન્સાનના કોઈ પણ આઅઝા એ કામ ન કરે કે જે અલ્લાહતઆલાને નાખુશ કરે. જો એમ કરશે તો રોઝાનો સવાબ એને હાસિલ નહીં થાય અને ફક્ત એ ભૂખો-પ્યાસો રહ્યો એમ કહેવાશે."** આ મિસિલ અલ્લાહતઆલાએ ઈન્સાનની ઈસ્લાહ અને ફલાહને ખાતિર રોઝા ફરઝ કીધા છે, તાકે ઈન્સાન ફરિશ્તાની મિસિલ બને અને તેની કદરો કીમતના તૌર પર રોઝાદારને એના નફ્સમાં રૂહાનીયતનો અહેસાસ થાય. ખુદાની ખાલિસ દિલથી બંદગી કરવાનો શુઊર પૈદા થાય. તે નફ્સ જે બુરી ચીઝનો હુકમ કરે છે. "નફ્સે અમ્મારહ બિસ્સૂઅ" પર કાબૂ હાસિલ થાય તો તે ઈન્સાન નફ્સાની કે જિસ્માની બીમારીનો સામનો કરવા તૈયાર થાય.

અલ્લાહતઆલાના નઝદીક દોઆ કરીએ કે, તમામ મુમેનીનને રજબુલ મોરજ્જબના રોઝા કરવાની નૈક તૌફીક આપે અને જે મુમેનીન રજબુલ અસબના રોઝા કરતા હોય તેઓને અંબિયા, ઔસિયા, અઈમ્મત અને દોઆત (રિ.અ.) ના વસીલાથી આ નાફેલતના રોઝાને પોતાની બારગાહમાં કુબૂલ ફરમાવે.....આમીન. ✯

જે મુજબ દોઆ મુમિનનું હથિયાર છે તે જ મુજબ તે મૌતથી ઢાલ છે.

પહેલા નબીએ નાતિક
મૌ.આદમ સફીયુલ્લાહ (અ.સ.) ની ફઝીલત

ખુદાતઆલાએ મૌ. આદમને પોતાના હાથથી પૈદા કીધા અને તેના જિસ્મમાં પોતાની રૂહ ફૂંકી. ખુદાએ પોતાની ખિલ્કત-પૈદાઈશનો ખાતેમો મૌ. આદમની સૂરત પર કીધો અને તે એવી રીતે કે, મૌ. આદમને ઘણા જ ખૂબસૂરત અને ખૂબરૂ પૈદા કીધા. જેમ કુરઆને હકીમમાં ખુદા ફરમાવે છે કે, **લકદ ખલકનલ ઈન્સાન ફી અહસને તકવીમ**, યાઅની હમેં ઈન્સાનને ઘણી જ બહેતર શિકલ અને મઝબૂત ઢાંચામાં પૈદા કીધો છે. મૌ. આદમની નસલમાં એવા આદમીઓ પૈદા થયા કે, જેએ અક્લના બલ પર પોતાના ખાલિકની માઅરેફત કીધી અને તાકતના બલ પર દુનિયાની હર જાનદાર ચીઝને પોતાના કાબૂમાં કરી લીધી.

મૌ. આદમે જે વક્ત છીંક ખાધી તો તે વક્ત ખુદાએ તેને એનો હમ્દ કરતા શીખાવું, તે બાદ ખુદાએ ફરમાવું કે, **યરહમોકા રબ્બોકા**, યાઅની તમને તમારા રબ રહેમત કરજો. ખુદાએ મૌ. આદમને કેયામતના દિન તક ઝમીન પર જે બનનાર છે, તેનું ઈલ્મ બખ્શું અને એના મુબારક નામોથી માહિતગાર કીધા. ખુદાતઆલાએ મૌ. આદમ (અ.સ.) ને એ મોટામાં મોટી ફઝીલત બખ્શી કે, આપના દરજાના સબબ, આપના ઈલ્મના ફૈઝથી તમામ મલાઈકતને આપની નૂરાની શખ્સીયત સામે સજદો કીધો.

ખુદાએ મૌ. આદમને રૂહાની આલમમાં બગૈર કોઈ અમલ જન્નતમાં વસાવા અને એક દરખ્ત સિવાય તમામ નેઅમતો મુબાહ કરી આપી. આપને એ શરફ ઈનાયત થયો કે, આપ તમામ બશરના બાવાજી થયા અને આપના નામથી ઈન્સાનનું નામ આદમી પડું. આ દુનિયામાં આપ તૌબા અને ઈસ્તિગફાર વાસ્તે પધારા અને આપ આ ઝમીન પર ખુદાના ખલીફા થયા. આપના આ ફઝલથી આપ બીજા ઈન્સાનો કરતા ઈલ્મો અમલમાં વધીને થયા અને આપના ખિલાફ જે શખ્સો થયા તેઓના અમલને ખુદાએ રદ કીધા અને તેઓ ઈબ્લીસ જેમ મરદૂદો મલઊન થયા. **ખુદાએ પોતાના ખલીફા-નબી પર ઈમાન ન લાવનાર નાપાક લોગો પર કેયામતના દિન તક લાઅનત બોલી છે.**

તમામ કરતા પહેલા મૌ. આદમે ખુદાનો હમ્દ કીધો, ખુદાનો સજદો કીધો, પોતાની ખતાને કુબૂલ કરીને તૌબા કીધી, ખુદાની બારગાહમાં ગુનાહને મુઆફ કરાવવા ખૂબ રોયા, પોતાનું વતન છોડીને કાઅબતુલ્લાહની ઝમીનમાં જઈને વસા, તો ખુદાએ મો. આદમ પર રહેમત ફરમાવી અને તમામ ઈન્સાનોં માંથી ખુદાતઆલાએ મૌ. આદમ (અ.સ.) ને પસંદ કરી લીધા અને આપને **"મુસ્તફા"** તેમજ **"મુજતબા"** બનાવી લીધા. મૌ. આદમની આ ખાસીયતથી આપ પાક જાનો (નુફૂસે તાહેરહ) અને નાપાક જાનો (નુફૂસે ખબીસહ) માં તમીઝ કરનાર અને ફરક કરનાર બના. રૌઝે કેયામત આપના અને આપના ફરઝંદોના દુશ્મનો ઈબ્લીસોને અને આપના તેમજ આપના ફરઝંદોના મુમેનીનને પહેચાનનાર આપ જ છે. ✯

ઈમામ, મખ્લૂકાતે રબ્બાની ..... કિસ્ત - ૭

અગર કોઈ મુમિને પહેલાથી તાઅત કીધી યાઅની અલ્લાહ, એના રસૂલ અને રસૂલની જગા પર જે અમરના સાહબ હોય આ ત્રણેની પૈરવી કીધી અને એમનાથી જ હિદાયતને પરામી તો એ મુમિન દીનની પહેલાથી છેલ્લા તકની કડીઓ સાથે જોડાઈ ગયો. રૂહાની કડીઓ બનેલી આ ઉરવતુલ વુસ્કાની મઝબૂત રસ્સીને પકડી રાખવું, યકીન રાખનાર વાસ્તે ખૂબ સહેલું છે પણ શક રાખનાર વાસ્તે બેહદ શદીદ છે. રૂહાની કડીઓની આ બાંધણીને ન તો કોઈ જોડી શકે છે ન કે તોડી શકે છે, **આ તમામ ઈન્તેઝામ અલ્લાહતઆલા તરફથી છે.**

મૌ. ઈમામ મોહંમદુલ બાકિર (અ.સ.) ફરમાવે છે કે, આયતુલ કુરસીમાં **"અલ-ઉરવતુલ વુસ્કા"** થી મુરાદ મૌ. અલી બિન અબી તાલિબ (અ.સ.) ની વલાયત અને આપની આલે તૈયેબમાં ઈમામતનો અકીદો રાખવાની છે, આ સાથે આપના દુશ્મનોથી બરાત કરવાની છે, આ જ મઝબૂત હાથો છે અને **"તાગૂત"** તે આલે મોહંમદ અને ઔલાદે અલી (અ.સ.)

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

ઈખ્લાસથી જ આ દુનિયા માંથી ખુલાસી થાશે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની ૧૨ સુન્નતો
ભલાઈના કામોનો હુકમ કરવો, બુરાઈથી બચવું અને હર વક્ત સાચું બોલવું : કિસ્ત - ૭

યમનના તીસરા દાઈએ મુત્લક સૈ. હાતિમ મોહીયુદ્દીન સાહબ (આ.કુ.) આપની એક મજલિસમાં બયાન ફરમાવે છે કે, "અય મારા ભલા ભાઈ! તું જાણી લે કે, સાચી દોસ્તી અને ઈખ્લાસ તે શખ્સ નહીં કરી શકે જે એમ સમઝતો હશે કે, મૌત પછી તારાથી દોસ્તી રાખવાનો સિલો તેને કંઈ જ મિલશે નહીં. લેહાઝા, તું એવા લોગોના મકરો ફરેબમાં ન આવજે જે તારી મદદ કરવામાં યા તારાથી દોસ્તી કરવામાં ખુદને વાસ્તે ફાયદો તલાશ કરતો હોય. તે પોતાના મતલબ અને ગરઝ વાસ્તે તારી ખબર રાખતો હોય, તારાથી કરીબ થયો હોય, એવા શખ્સને તું પહેચાની લેજે. અય ભાઈ! તું જાણી લે કે, હર તે બે શખ્સ જે આપસમાં એકબીજાની મદદ કરતા હોય એવી બાબતમાં કે તેમને એકબીજાની હલાકીનો ડર હોય યા સલામતીનું યકીન હોય, તો આ બે જણામાંથી હર એક એમ ચાહશે કે, તે ખુદ સલામત રહે અને તેનો ભાઈ હલાક થઈ જાય, તે ખુદ મઝબૂત રહે અને તેનો ભાઈ કમ્ઝોર બની જાય. તો અય મારા ભાઈ! હમારા ભાઈઓ દોસ્તીના તઅલ્લુકાતમાં આ તરહનો ખ્યાલ નથી રાખતા, મગર પોતાના આઅલા અખ્લાક અને બહેતર અકીદાથી હમારી રાય અને હુકમ પર અમલ કરે છે."

આપ મૌલા ફરમાવે છે કે, "એક ટાપુ પર કેટલાક માછીમારો રહેતા હતા અને તેઓમાંથી કેટલાક એવા હતા કે તૈરાકીનું ઈલ્મ રાખતા હતા અને દરિયામાં ડૂબકી લગાવવામાં માહિર હતા. તેઓના બુઝુર્ગોથી એમ અખ્બાર મિલા હતા કે, ટાપુની ફલાઁ જગા પર દરિયાની ગહેરાઈમાં આઅલામાં આઅલા મોતીઓ પડેલા છે. તો તેઓ એક દિન મુકર્રર કરીને તે જગા પર પહોંચા. આ લોગો સાથે એક ઠગબાઝ શખ્સ પણ જોડાઈ ગયો, એમ સમઝીને કે તે પોતાની ચાલાકીથી મોતીઓને હાસિલ કરી લેશે. તેઓની મહેનત-મશક્કત રંગ લાવી અને તે ઈલાકાની પૂરી છાનબીન બાદ તેઓને કીમતી મોતીઓ હાથ લાગા. જે વક્ત તમામે પોત-પોતાના મોતીઓ એક જગા જમા કીધા અને તેઓના સરદારે હર એકને મહેનત મુજબ મોતીઓ આપી દીધા તો તે ઠગબાઝને તેના માઅમૂલી કામ મુજબ નાના મોતીઓ જ આપવામાં આવા.

પોતાનો તોશો બાંધીને જે વક્ત માછીમારો જાવા લાગા તો અચાનક રાસ્તામાં લૂંટારૂંઓએ ઘેરો નાંખી લીધો. માછીમારોંને થયું કે, આ લોગો મોતીઓ લૂંટી જાશે અને હમારી કલાકોંની મહેનત એક પલમાં ખત્મ થઈ જાશે. તમામે જલ્દીથી મોતીઓ કાઢા અને ગિલી ગયા. પણ ઠગબાઝ શખ્સ પાસે જે નાના મોતીઓ હતા તેને એક થેલીમાં જ રહેવા દીધા. તેના સાથીદારોએ ઈશારો પણ કીધો, મગર તેએ ગિલા નહીં. જે વક્ત લૂંટારૂંઓએ તલાશી લેવાની શુરૂ કીધી તો ઠગબાઝ પાસેથી નાના મોતીઓ જ હાથ લાગા. આવા માઅમૂલી મોતીઓ જોઈને તેઓ ગુસ્સામાં આવી ગયા અને માછીમારોંને ધમકાવવા લાગા કે, મોટા મોતીઓ તમેં કહાઁ છુપાવા છે? જો તમેં નહીં બતાવો તો તમને મોતને ઘાટ ઉતારી દઈશું. માછીમારોં બોલા કે, **" હમને છોડી દો. હમને આવા નાના મોતીઓ જ મિલા હતા. "** લૂંટારૂંઓમાંથી એક બોલો કે, તમેં જૂઠા છો. મોતીઓ તમારા પેટમાં છે, હમેં એક-એક કરીને તમારા પેટ ચીરીને મોતીઓ નિકાલીશું.

રાત થઈ ગઈ હતી, તમામ થાકીને ચૂર થઈ ગયા હતા. લૂંટારૂંઓએ માછીમારોંને એક જગા જમા કીધા, હાથ-પગ બાંધા, પેટના બલ સુવાડી દીધા અને કહેવા લાગા કે, સવાર પડતા જ હમેં બધાના પેટ કાપીશું અને આ કિસ્સાને ખત્મ કરીશું. પૂરી રાત માછીમારોં પરેશાન અને બેચૈન રહ્યા પણ ઠગબાઝને કોઈ ફિકર ન હતી. જે વક્ત લૂંટારૂંઓની આઁખ લાગી તો ધીમા આવાઝમાં ઠગબાઝ કહેવા લાગો કે, "મેં તમારા સાથે તે વાસ્તે આવો હતો કે, મને કીમતી મોતી હાસિલ થાશે પણ મારી ચાલાકીને બાવુજૂદ એમ ન થયું. હું જાણું છું કે, મારા સિવાય તમેં તમામ તમારા મોતીઓ ગિલી ગયા છો અને તમારા પેટમાં તે ભરાયેલા છે. **જો આ લૂંટારૂંઓએ તમારા માંથી કોઈ એકનું પેટ ચીરૂં અને મોતીઓ મિલા તો તેઓ એકને પણ નહીં છોડે અને અપને બધા હલાક થઈ જઈશું.**"

ઠગબાઝે રાય આપીને કહ્યું કે, "હું ચાહું છું કે, હું મારી જાન તમારા પર કુરબાન કરી દઉં, શાયદ કે તમેં બચી જાવ અને તમારા ઘરવાલા સાથે તમેં સલામત રહો. ફજરમાં હમેં આ ડાકુઓને કહીશું કે, તમને હમારા પેટ ચીરવાના જ છે તો પહેલા

(બકીયાહ પેજ નં. ૧૪ પર)

જે શખ્સ પોતાની ઝિદ પર રહેશે અને બીજાનો ભલો મશ્વરો નહીં માને તે હલાક થાશે.

રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ના ખાસૂલ ખાસ મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.) – કિસ્ત : ૨૪

મૌ. સલમાનુલ ફારસી (રિ.અ.), ઈલ્મે હકીકત અને ઈલ્મે મોહંમદી ના શહેર યાઅને મદીનતુલ ઈલ્મના દરવાઝા મૌ. અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ના શાગિર્દ અને મુમિને મુખ્લિસ હતા. બીજા ઈમામે હક્ક મૌલાના હુસૈન સૈયેદુશ શોહદા (અ.સ.) એ આપના સોહબતી મૌ. ઝોહેર બિન અલ-કૈન (રિ.અ.) ને યાદ અપાવું કે, સીફુલ બહેરની લડાઈમાં જે વક્ત મુસલમાનોંને માલે ગનીમત ઘણો હાસિલ થયો, તો મુજાહેદીન તે માલને લઈને ખૂબ ખુશ થઈ રહ્યા હતા, તે વક્ત મૌ. સલમાને તેઓને કહ્યું કે, "જે ચીઝ વાસ્તે તમેં ખુશ થઈ રહ્યા છો તે તો ઘણી કમ છે અને તમને ઝિયાદહ વક્ત તક ફાયદો નહીં કરે. મગર, કરબલામાં મૌ. ઈમામ હુસૈન (અ.સ.) પર તમેં જાઁનિસારી કરશો, હક્કના ઈમામ પર તમેં કુરબાન થાશો તો આ ગનીમતના માલ કરતા તમને ઝિયાદહ **કરાર, ખુશી અને દરજા હાસિલ થાશે.**" ઈમામ આલી મકામે કહ્યું કે, કેમ અય ઝોહેર! મૌ. સલમાનની આ વાત તમને યાદ છે કે નહીં! ઝોહેરને મૌ. સલમાનનો તે કૌલ યાદ આવો, તો આપ ઘણા ખુશ અને મુત્મઈન થયા અને આપે કહ્યું કે, "અય મારા મૌલા! આ ગુલામ આપના પર હઝાર જાનથી ફિદા કે, આપે મને એવી નેઅમતની યાદ અપાવી. તેના સિવાય હું દુનિયા-આખેરતમાં હરગિઝ કામિયાબ થાત નહીં. આપ ફરમાન કરો, આ ગુલામની જાન આપ વાસ્તે નિસાર થાવા તૈયાર છે."

તેના બાદ મૌ. ઝોહેરે, ઈમામે હક્કની સોહબત ન છોડી પણ પોતાના અહલો અયાલ અને કાફલાને છોડીને હમેશા વાસ્તે વદાઅ થઈ ગયા. યહાં તક કે, આશુરાનો યૌમ આવી ગયો અને આપ ઈન્તેહાઈ મહેનત, જેહાદ અને શુજાઅતને સાથ મૌ. ઈમામ હુસૈન (અ.સ.) પર ફિદા થઈ ગયા. **મૌ. સલમાનની હિદાયત મૌ. ઝોહેર બિન અલ-કૈનને શહાદતની મંઝિલ પર લઈ ગઈ.** આપના કલામની હકીકત એવી હતી કે, દુનિયાના માલની કમાઈ કરતા ઈમામે હક્કની હઝરતમાં નફ્સો જાન કુરબાન કરવું તે આખેરત ના અજરો સવાબની એવી કમાઈ છે, જેને કોઈ વક્ત ઝવાલ આવતો નથી. શહીદો મુજાહિદ મૌ. ઝોહેર વાસ્તે કરબલાની ઝમીન ફક્ત એક મૈદાને જંગ ન હતી પણ તે ઝમીન પર પોતાનું ખૂન જારી કરીને અલ્લાહની રહેમતમાં દાખિલ થાવાનો દરવાઝો હતી. યૌમે આશુરાના અસરનો વક્ત આપના વાસ્તે એવી બશારત લઈને આવો કે, અહલે ઈમાનના દિલોમાં માતમે ઈમામ હુસૈન (અ.સ.) ની ઝિક્ર સાથે આપની કુરબાનીની યાદ પણ અબદી-અઝલી વાબિસ્તા થઈ ગઈ. ભલે, મૌ. સલમાનનું નામ ફહેરિસ્તે શૌહદાએ કરબલામાં નથી, મગર આપના કલ્બો ઝમીરમાં રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) ની હયાતે તૈયેબહના વક્તથી મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ના દરજાની માઅરેફત હતી, તો જે જે સાહબોને આપે કરબલામાં જાઁનિસારીએ હુસૈની વાસ્તે તૈયાર કીધા, તો તે સાહબો સાથે ઈમામ હુસૈન (અ.સ.) ખિદમતમાં તેમની જેહાદના હર માઅરકામાં આપ હાઝિર-નાઝિર હતા. હિમ્મતો હિદાયત આપની હતી અને અમલ કરબલાઈઓના હતા. ✯

(પેજ નં. ૨ નું બાકી)

મુન્કિર, જૂઠા અને મક્કારનો અમલે બદ જો લોગોમાં અયાઁ-બયાઁ થઈ જાય તો તેની ફઝીહતી કરવી જોઈએ અને જમાઅતમાં તેની અસલીયત બાહર લાવવી જોઈએ તો જ તે મુમિન ઈમાનની હકીકતોની કમાલીયત પર પહોંચેલો છે એમ કહેવાશે. જૂઠા પર અલ્લાહતઆલાની હર ઘડી લાઅનત વરસે છે અને કુરઆને કરીમની સનદથી તમામ મુનાફિકોં જૂઠાઓ છે. તેઓની કસમો, વાઅદાઓ અને વચનો ફક્ત દેખાવ અને ધોકેબાઝી છે. નફ્સાની નજાત હાસિલ કરવાનો એક જ કારગર તરીકો એ છે કે, જમાઅતના છુપેલા મક્કારોની કમર તોડીને તેઓના જૂઠની તાકતને જો મુમેનીન નૈસ્તો નાબૂદ નહીં કરે તો આવનાર પૌત વાસ્તે આ જૂઠને કબ્જામાં લેવું ખૂબ દુશ્વાર બની જાશે. દાઈયુઝ્ઝમાન (ત.ઉ.શ.) ના વસીલહ મુબારકહથી આ બેવે મહીના રજબ-શાઅબાનની ઈબાદતોંમાં મુમેનીન શરીક થાય, માઅરૂફને અપનાવીને અલ્લાહતઆલાથી ફઝલો શરફના હક્કદાર થાય. આમીન.....✯

ગૈર-ઝરૂરી ફિકર ઈન્સાનને ઝઈફ બનાવી દે છે.

(પેજ નં. ૧૨ નું બાકી)

એકનું ચીરો. જો તેમાંથી મોતી નિકલે તો બીજા બધાનું પેટ ચીરજો અને ન નિકલે, જે મુજબના મોતીઓ તમને જોઈએ છે, તો એમ સમઝજો કે હમેં સાચું બોલીએ છીએ અને હમને મોતીઓ મિલા નથી. આ સાથે હમેં ડાકુઓથી મોહલત માંગીશું કે, હમને કુર્રાઅંદાઝી કરવા દે કે હમારા માંથી કોણ પહેલો હોય કે જેનું પેટ ચીરવામાં આવે. જેના નામનો કુર્રો નિકલશે તેને હમેં ડાકુઓને સોંપી દઈશું કે, તેના સાથે જે અમલ કરવો હોય તે કરે.

"અય મારા સાથીઓ! અપની આ વાતને જો તેઓ માની લે, તો હું એવી સાઝિશ કરીશ કે કુર્રો-ચિઠ્ઠી મારા નામનો જ નિકલે અને હું તમને બચાવવા વાસ્તે કુરબાન થઈ જાઉં. તમેં સલામતીથી ઘરે જઈ શકો અને પાછા અહલો ઔલાદ સાથે મિલી જાવ. પણ હું તમને વસીયત કરૂં છું કે, **મારા બાદ મારા ઘરવાલાને મદદ કરજો, હાજિતરવાઈ કરજો અને તેઓને મારી કુરબાનીની યાદ અપાવજો.**" ઠગબાઝની આ રાય પર બધા મુત્તફિક થયા અને ફજર પડતા જ ડાકુઓને પોતાની વાત ઝાહિર કીધી. છુટકારાનો જે રસ્તો ઠગબાઝે બતાવેલો તે મુજબ જ અમલ થયો અને ઠગબાઝનું પેટ ચીરા બાદ તેમાં કંઈ જ ન મિલું, જેના સબબ બીજા બધા તેઓના મોતીઓ સાથે સલામત રહ્યા અને સહીહો સાલિમ પોતાના ઘરોંમાં પહોંચી ગયા.

• ઉપર મઝકૂર રિવાયતથી સબક હાસિલ થાય છે કે, એક શખ્સની કુરબાનીથી બધાની જાન બચી ગઈ અને ઘણું મોટું નુકસાન થાતા રહી ગયું. તારીખે ઈમાનમાં સૈયેદુશ શોહદા મૌ. ઈમામ હુસૈન (અ.સ.) ની શહાદતની હકીકત રૌશન છે કે, આપ મૌલાની જાંનિસારીના સબબ આજે અહલે ઈમાન અમ્નો અમાનમાં છે, આબાદ-શાદ છે. આઅમાલુલ-બિર્ર-ભલાઈના કામોં માંથી બહેતરમાં બહેતર તે કામ છે કે, જેનાથી મુમેનીન ખુશ રહે, **ઈલ્મથી-કૌલથી-દૌલતથી-નફ્સથી** કોશિશ કરીને મુમેનીનની પરેશાની દૂર થાય અને ભાઈઓમાં ઈખ્લાસ પનપે અને આપસમાં મદદ કરવાનો જઝબો હર વક્ત ઉભરતો રહે. ☆

(પેજ નં. ૧૧ નું બાકી)

ના દુશ્મનોં છે. તાગૂત તે લોગો છે જે ઘણી તુગયાની કરનાર હોય, હદથી વધીને ઝુલ્મ કરનાર હોય, સાહબે અમર સામે સરકશી કરનાર હોય, હક્કના વલીને છોડીને બનાવટી શખ્સને વલી જેવા દેખાડીને બુતપરસ્તી કરનાર હોય, શરીઅતના હર અમરમાં પોતાની મનમાની કરીને શૈતાન જેમ સુલૂક કરનાર હોય. મૌ. અલી સાહબે ઝુલફિકાર (અ.સ.) ફરમાવે છે કે, **"હરએક તે હાકિમ કે જે હમારા યાઅની અહલુલ બૈતના હુકમ બગૈર હુકમ કરે તે તાગૂત છે."** આપે કુરઆની આયતથી ફરમાવું કે, તે લોગ કે જે ઉરવતે વુસ્કાને છોડી ચુકા છે, તાગૂત પાસે ફરિયાદ કરવાનો ઈરાદો કરે છે હાલાંકે તેઓને તો હુકમ કરવામાં આવો છે કે, તે તાગૂતનો કુફ્ર કરે અને શૈતાન તો તેઓને બિલકુલ ગુમ્રાહ કરવા ચાહે છે. આ તાગૂતનો દૌર - દોરો હર વક્તમાં હોય છે અને તે પોતાનો ગિરોહ વધારવા શક્કી લોગોને ફિત્ના-ફસાદમાં ઘેરીને બહેકાવતો રહે છે. લેહાઝા, કોઈ તાગૂતના ફંડાથી બચી ન શકું, મગર હમારા શીઆ બચી ગયા, બીજા તમામ તાગૂતી ચક્કરમાં હલાક થયા. જે પણ કોઈ હમારા અને હમારા શીઆના હક્કને નહીં ઓલખે તેના પર અલ્લાહની લાઅનત પડશે.

આ ખલ્ક-ઝમીન હિદાયતનુમાથી ખાલી ન રહેવી જોઈએ. ઉરવતે વુસ્કાના સાહબ તમામ હિદાયતોંના માલિક અને રઈસ છે. દીનો દુનિયાની હિદાયતોંની બધી જ ગલીઓ દાઈયુલ્લાહના ઈલ્મના શહેરમાં ખુલે છે. **ઈલ્મ અને હિદાયતને બરખિલાફ ગુમ્રાહી અને તુગયાની પણ હોય જ છે.** ગુમ્રાહીનો ખાકો તાગૂતના હાથમાં હોય છે અને તેનું કામ જ બાતિલનો લિબાસ પહેરીને હક્કને છુપાવવાનું હોય છે. ઈલ્મો હિદાયતની નહેરોંને જારી કરનાર હર ઝમાનાના નાતિક-નબી, વસી, ઈમામ યા નાઈબે ઈમામ - પોત-પોતાના દૌરના આદમ હોય છે અને એમનો મોટો દુશ્મન ઈબ્લીસ-તાગૂત અને તેનો વઝીર શૈતાન કહેવાય છે.

જેમ મૌ. તેખૂમ બિન બહેલાહ (દૌરૂસ્સતરના આદમ (અ.સ.)) નો ઈબ્લીસ હારિસ બિન મુર્રહ અને તેનો વઝીર કાબીલ છે, મૌ. નૂહ (અ.સ.) નો ઈબ્લીસ હામ અને શૈતાન નામ્મ છે, મૌ. ઈબ્રાહીમ (અ.સ.) નો ઈબ્લીસ નિમ્રૂદ બિન કિન્આન અને શૈતાન આઝર છે, મૌ. મૂસા (અ.સ.) નો ઈબ્લીસ વલીદ બિન મસ્અબ (ફિરઔન) અને શૈતાન હામાન છે, મૌ. ઈસા (અ.સ.) નો ઈ બ્લીસ યહૂઝ અને શૈતાન માફારિસ યહૂદી છે અને રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) નો ઈબ્લીસ અબૂ લહબ અને શૈતાન અબૂ જહલ છે. ☆

કુરઆને કરીમ જિસ્માની અને રૂહાની બીમારીઓ વાસ્તે દવા છે.

હકીમસાબ ના નુસખા

કાલી સલ્ફ - K_2SO_4

ઈન્સાનના જિસ્મની આસપાસ **'Electromagnetic force'** નો પટ્ટો હોય છે. આ તાકતની મૌજૂદગીના સબબ ઝિંદગી છે અને એનું "ના" હોવું મૌત છે, જેને **Life force** કહેવામાં આવે છે. આ ફોર્સની પોતાની **fixed speed** હોય છે. હરએક ચીઝ **Atoms**-ઝર્રાતથી બનેલી હોય છે. **Atoms** હમેશા હરકતમાં જ રહે છે. મુખ્તલિફ ચીઝોની **speed** મુખ્તલિફ હોય છે. **Solid**-જામિદ ચીઝોના **Atoms** ની **speed** ધીમી હોય છે. **Liquid**- વહેતી ચીઝોની **speed** થોડી ઝિયાદહ હોય છે. આ **speed** માં જો થોડો પણ ફેરફાર થાય તો તેની ખબર જિસ્મને બીમારીના ઝરીઆથી મિલે છે. હોમિયોપેથિક દવાઓ જિસ્મના આ ફોર્સને પોતાની અસલ **speed** માં લાવીને બીમારી દૂર કરે છે.

એક જ બીમારી ઘણા સબબથી થઈ શકે છે. આ સબબ **physical, mental** યા **emotional** હોઈ શકે છે. બીમારીની દવા લેતા પહેલા તેનું કારણ નક્કી કરવું ખૂબ જ ઝરૂરી હોય છે. ચોક્કસ કારણ ખબર પડે તો તેની ચોક્કસ દવા લેવાથી બીમારીનું અસલ દૂર થાય છે અને એક જ દવા લેવાથી ઘણી બધી બીમારીઓની એક સાથે શિફા થાય છે. હોમિયોપેથિક દવાઓ ઝાડપાન (**Trees**), ધાતુ (**Metals**), ઝહેર (**Poison**) અને હૈવાનાત (**Animals**) માંથી બનાવવામાં આવે છે.

આ **Article** માં એવી બીમારીઓ અને દવાઓની ઝિક્ર કરવામાં આવશે, જેનું કારણ ઈન્સાન ખુદ ઢૂંઢીને ઈસ્તેમાલ કરી શકે. ગંભીર બીમારીઓમાં **Doctor** ની સલાહ લેવી ઝરૂરી છે. એવી જ એક દવા છે, "કાલી સલ્ફ" જે હોમિયોપેથ **Doctors** ઈસ્તેમાલ કરે છે. આ દવાનું **Latin name** : કાલી સલ્ફુરીકમ અને **Common name** : **Potassium Sulphate**-પોટેશિયમ સલ્ફેટ છે. આ પદાર્થ કુદરતમાં **"Volcanic Lava"** માં મૌજૂદ હોય છે. આ એક એવો પદાર્થ છે કે, જે જિસ્મના હર એક **cells** માં મૌજૂદ હોય છે અને એનું કામ છે, એક **cell** થી બીજા **cell** સુધી **oxygen** લઈ જવું, કે જે **oxygen** ઈન્સાન શ્વાસમાં અંદર લે છે. જો આ પદાર્થ (**Matter**) ની કમી થઈ જાય તો **cell** ને પૂરતો **oxygen** મોહય્યા થાતો નથી. એના સબબ એ **cells** છુટા પડીને જિસ્મ માંથી દૂર થઈ જાય છે.

ઈન્સાનની ચામડી (**skin**), જે કોઈ વક્ત કોઈ જગા પરથી ખરવાની-ઉખડવાની શુરૂ થાય અને એની તરફ જો ધ્યાન ન આપવામાં આવે તો **situation** ઘણી **complicated** બની શકે છે. એ જગા પરથી પીલું **liquid** પણ નિકલવાનું શુરૂ થઈ શકે છે. ચામડી (**skin**) ના ઉપરના **cell** નું પહેલું **layer** ઉખડવાનું શુરૂ થાવું એ "પોટેશિયમ સલ્ફેટ" (**Potassium Sulphate**) ની કમી બતાવે છે. જેની કમીના સબબ ચામડીના **cell** ને પૂરતો **oxygen** મોહય્યા થાતો નથી અને એ ઢીલા પડીને પોતાને નીચેના ચામડીના બીજા પડના જોડાણ માંથી છુટા પડે છે અને ઉખડી જાય છે. થોડા **time** પછી બીજું પડ (**layer**) પણ ઉખડે છે જેના સબબ પીલું **liquid** (પ્રવાહી) બાહર આવે છે.

"પોટેશિયમ સલ્ફેટ" **6X** પાવડર (**Powder**) અને ગોલીઓ (**Pills**) આ બંને હોમિયોપેથિક મેડીકલ સ્ટોર્સમાં મિલે છે. આ દવા કેટલા પ્રમાણમાં લેવી, એ બીમારીની ગંભીરતા પરથી નક્કી થાય છે. જો પીલું **liquid** નિકલવાનું શુરૂ ન થયું હોય અને ફક્ત ઉપરની ચામડી જ ઉખડતી હોય તો એક દિવસમાં સવાર-સાંજ ૨-૨ ગોલી (**Pills**) લઈ શકાય છે. જે વધારીને ત્રણ વક્ત પણ કરી શકાય છે. બીમારીમાં શિફા થયા પછી પણ થોડા દિવસ સુધી દવા ચાલુ રાખવી તે ફાયદામંદ છે.

હોમિયોપેથિક દવાઓની કોઈ આડઅસર (**side effect**) હોતી નથી અને ઘણી બધી બીમારીઓ વાસ્તે એની મદદથી ઘરેલુ ઈલાજ કરી શકાય છે. પાંચ વરસથી ઉપરના બચ્ચાંઓ ને મોટાઓ જેટલો જ દવાનો ડોઝ (**Dose**) આપી શકાય છે. ખૂબ જ નાના બચ્ચાઓને અડધો ડોઝ (**Dose**) આપી શકાય છે. ભૂલથી ડોઝ (**Dose**) ઓછો-વધારે થઈ જવાથી કોઈ નુકસાન થાતું નથી.

તસ્કીન હોમિયોપેથિક ક્લિનિક

વક્ત : સોમથી જુમેરાત અને શનિ સાંજે ૪ થી ૭ વાગ્યા તક

ડૉ. ઝેડ. ઝેડ. ભાઈસાહેબ
જી.એફ. - ૧૭-૧૮, અઝીમા કોમ્પલેક્ષ,
જહાંગીરપૂરા મસ્જિદની સામે, વડોદરા - ૧૭. મો. : ૯૯૨૫૮૪૪૫૯૯ ☆

સખ્ત કલામ બોલીને ભાઈના દિલને ઠેસ પહોંચાવવી એક તરહનો ઝુલ્મ છે.

હઝરતે નૂરાનીયહમાં કસીદહ નૂરાનીયહ
સૈ.યૂસુફ નૂરૂદ્દીન સાહબ (ક.રૂ.)
૧૭ રજબ

પાક રોઝા આપકા હરમે એહતેરામ,
જિસકી દિવારોં પર નક્શ ખુદા કા કલામ,
ચૂમતેં હૈં જિસે સબ મલાઈક તમામ,
બખ્શવાતેં હૈં મુમિન કો સુબ્હો શામ.
યૂસુફે ઝી વફા અસ્સલામો અલૈક,
નૂરે બદરૂલ હોદા અસ્સલામો અલૈક.

અય નૂરૂદ્દીન મૌલાના, તમારી યાદ આવે છે,
હમેશા હર ઘડી, હર પલ, તમારી યાદ આવે છે.
ફિરે છે રાત -દિન આઁખોં માં મૌલા આપની સૂરત,
અને સીરત ફરિશ્તાની, તમારી યાદ આવે છે.
ઘણા અહેસાન કીધા છે, જેહાલત સી નિકાલા છે,
નએમ પર શુક્ર કરીએ છે, તમારી યાદ આવે છે.
જો કરશો યાદ તો આવીશ મદદ પર એમ ફરમાવું,
તો હર મુશ્કિલમાં અય મૌલા, તમારી યાદ આવે છે.
ઘણા જાનોં ને પહોંચાવા કુદુસના કાંઠે મૌલાએ,
કરી સત્તર વરસ ખિદમત, તમારી યાદ આવે છે.
મઝારે યૂસુફી જન્નતના કિયારા, નૂરના ખૈમા,
અજબ રૂહાની મંઝર છે, તમારી યાદ આવે છે.
મુશર્રફ થઈ ઝિયારત સી મુકદ્દસ આપની મૌલા,
ઘણી ઉમ્મીદ છે દિલમાં, તમારી યાદ આવે છે.
મુસાફિરખાના, કબ્રસ્તાન ને સુરતની તાઅમીરો,
પઢો સલ્લે અલા મૌલા, તમારી યાદ આવે છે.
બનાવી મસ્જિદે આઅલા ને મસ્જિદ આપનું મસ્કન,
થયા છે બેત્તાલીસ પૂરા, તમારી યાદ આવે છે.
અય બદરૂદ્દીનના જાની, ને ફખરૂદ્દીન ની તસ્કીં,
હમેં છે આપના પૈસે, તમારી યાદ આવે છે.
અલીની ગાદીના વારિસ, ઝિયાઉદ્દીન મૌલા છે,
સરાપા નૂરના ચહેરા, તમારી યાદ આવે છે.
આ "અલવી" પર ઈનાયત આપની બેઈન્તેહા મૌલા,
કરે છે શુક્રના સજદા, તમારી યાદ આવે છે. ☆

(પેજ નં. ૯ નું બાકી)

રોટલી વાસ્તે આટો મસલતા-મસલતા નમાઝનો વક્ત થઈ જાય અને મેં તેને છોડીને પહેલા નમાઝ અદા કરતી હતી. દાઉદ નબી બોલા કે, "અય બૈરો! ખુશખબરી લો કે, **તમેં તમામ મુખ્લેસીનનો ઈખ્લાસ હાસિલ કરી લીધો.**"

મુમેનીન! ખુદાતઆલાએ નમાઝને અપના આઅમાલનું મરકઝ બનાવેલું છે. નમાઝથી જ મુમિન અને કાફિર દરમિયાન પહેચાન થાય છે. નાશુક્રી અને બેઈમાનીની નિશાની નમાઝને છોડવું છે. ખુદાતઆલાએ અપને રજબુલ અસબ મહીનો મયસ્સર કીધો છે અને તેમાં મુમેનીન ખૂબ શૌકથી નમાઝને અદા કરે છે. આ મહીનો અપના ઈમાનના રઈસ મૌલાના અલી અમીરૂલ મુમેનીન (અ.સ.) ની વિલાદતનો મહીનો છે. જે સાહબે પોતાની ઝિંદગીમાં કોઈ પણ વક્ત નમાઝને કઝા કીધી નથી. લેહાઝા, અપને આપ સાહબના મોહિબ્બો અને આશિકો છીએ, તો હમારા પર વાજિબ છે કે, નમાઝને અપની ઝિંદગીનો એક અતૂટ હિસ્સો બનાવી લઈએ અને આ મહીનાના ફઝલો શરફથી હમેં ખાસ થઈએ. ☆

અકીદા, અમલ, દોઆ, ફાઝિલ દિન-રાત, રસમ વગૈરા વાસ્તે મુમેનીન " અસ-સહીફતુત તૈયેબીયાહ " ને દેવડી પરથી હાસિલ કરીને ગૌરથી પઢે.

નોંધ : મિશ્કાતુલ-હાદીના માતહત શાયેઅ થયેલી મૌલાના અલી (અ.સ.) ના કસીદાઓની, સૈ.ફખરૂદ્દીન સાહબ (ક.રૂ.) ની બૈતોના મજમૂઆની તેમજ અહલુલબૈત (અ.સ.) ના નૌહાઓની અને મરસીયાઓની **CD** મુલ્લાં ઈબ્રાહીમભાઈ (વડોદરામાં) અને મુલ્લાં સિરાજભાઈ (મુંબઈમાં) થી કારેઈન હાસિલ કરી શકે છે. આ ભાઈઓના ફોન નંબર નીચે આપેલા છે.

સાલાના લવાઝેમાત (Yearly Subscription)
₹ ૧૦૦/- (પોસ્ટેજ સાથે)
મેનેજર :- **મુલ્લાં ઇબ્રાહીમ ટી. બરોડાવાલા**
નાઝ બોક્ષના ઘરને બાજુમાં, બદરી મોહલ્લા,
વાડી, વડોદરા - ૩૯૦ ૦૧૭. ફોન : ૯૯૦૪૨૨૧૦૯૦.
મુંબઈમાં લવાઝમ લેનાર :- **મુલ્લાં સિરાજઅલી અત્તરવાલા**
(નફીસ, મુંબઈ) ફોન : ૯૯૩૦૩૨૧૪૪૦. ★